# બુકિંગના ૪૫ મિનિટમાં જ ગેસ સિલિન્ડર ઘરે પહોંચશે

**પહેલી ફેબ્રુઆરીથી અમલ શરૂ થશે : સેવાની ઓછામાં ઓછી એક જિલ્લા અથવા દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય શહેરથી શરૂઆત થશે**

નવી દિલ્હી, તા. ૧૭

લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ એટલે કે એલપીજી અથવા કૂકિંગ ગેસની ડિલિવરી માટે જોવામાં આવી રહેલી લાંબા સમયથી રાહનો અંત આવવા જઈ રહ્યો છે. ઈન્ડેન નામથી ગેસ વેચનારી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ તત્કાલ એલપીજી સેવા લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે. આ સેવા અંતર્ગત બુકિંગના દિવસે ગ્રાહકને ગેસ સિલિન્ડર પહોંચાડવામાં આવશે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યાનુસાર, તત્કાલ એલપીજી સેવા ૧ ફેબ્રુઆરીએ શરૂ થશે. આ સેવા ઓછામાં ઓછી એક જિલ્લા અથવા દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય શહેરથી શરૂ થશે. તેમના જણાવ્યા પ્રમાણે, ગેસ સિલિન્ડરની ડિલિવરી ગ્રાહકને આ સેવા હેઠળ બુકિંગ કર્યા બાદ ૪૫ મિનિટની અંદર સુનિશ્ચિત કરવામાં આવશે. કેન્દ્ર સરકારની ઈઝ ઓફ લિવિંગ સિદ્ધાંત અને સેવાઓ સુધારવા માટે આ સુવિધા શરૂ કરવામાં આવી રહી છે.

દેશમાં લગભગ ૨૮ કરોડ એલપીજી ગ્રાહકો છે. તેમાંથી આશરે ૧૪૦ કરોડ ગ્રાહકો ઈન્ડેન પાસે છે. આ બાબતથી પરિચિત અધિકારીના જણાવ્યા મુજબ, તત્કાલ યોજના માટે ડીલર્સના કરન્ટ ડિલિવરી નેટવર્કનો જ ઉપયોગ કરવામાં આવશે. આ સેવા મેળવવા માટે ગ્રાહકોએ ડિલિવરી દીઠ ૨૫ રૂપિયાની વધારાની ફી ચૂકવવી પડશે. એક રિપોર્ટમાં જણાવ્યા મુજબ, સંક્રાંતિ ઉત્સવને ધ્યાનમાં રાખીને આ યોજના ૧૬ જાન્યુઆરીથી ગ્રેટર હૈદરાબાદમાં લોન્ચ કરી દેવામાં આવી છે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અધિકારીના જણાવ્યા અનુસાર, તત્કાલ એલપીજી સેવા મેળવવા ગ્રાહકોએ સવારે ૮થી બપોરે ૨ વાગ્યાની વચ્ચે બુકિંગ કરાવવાનું રહેશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ તત્કાલ એલપીજી સેવા સાથે નવી મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવાની પણ તૈયારી કરી રહ્યું છે. આ સેવા અંતર્ગત ગ્રાહકોને ઓનલાઈન બુકિંગના આધારે ડિલિવરી કરવામાં આવશે.

# વિકાસને કારણે આદિવાસી વિશ્વ સાથે જોડાયો : રૂપાણી

કેવડિયા,તા.૧૭

કેવડિયાને દેશના વિવિધ પ્રદેશોથી જોડતી ૮ ટ્રેનોને પીએમ મોદી વર્ચ્યુઅલ લોકાર્પણ કરીને લીલી ઝંડી આપીને રવાના કરી છે. આ ટ્રેનો સ્ટેચ્યૂ ઓફ યુનિટીને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરી છે. આ ઉપરાંત દેશના પહેલા ગ્રીન બિલ્ડીંગ રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું છે. આ પ્રસંગે રાજ્યનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટી એ અમારા માટે એક પ્રતિમા જ નથી પરંતુ દેશની એકજૂટતાનું ઉદાહરણ છે. રાજ્યનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ પ્રસંગે નિવેદન આપતા જણાવ્યું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની પ્રતિમા સરદાર વલ્લભભાઈ પટેલના આશીર્વાદની ઝાંખી કરાવે છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી એ અમારા માટે એક પ્રતિમા જ નથી પરંતુ દેશની એકજૂટતાનું ઉદાહરણ




છે. આ પ્રતિમા આજે આખા વિશ્વમાં અનેકતામાં એકતા, સ્વતંત્રતા માટેના સંઘર્ષમાં સરદાર વલ્લભભાઈ પટેલનો સંદેશ આપે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, રેલવેએ દેશને જોડ્યો છે અને આજે દેશના ખૂણે ખૂણેથી કેવડિયા માટે ટ્રેન શરૂ થવાની છે. આ ઘણી આનંદ અને ખુશીની વાત છે. પીએમ મોદીના આગવા દ્રષ્ટિકોણને કારણે જ કેવડિયા આજે વર્લ્ડ ટુરિસ્ટ ડેસ્ટિનેશન બનવામાં આગળ વધી રહ્યું છે. સીએમ રૂપાણીએ જણાવ્યુ કે, કેવડિયાના વિકાસ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટિના નિરંતર વિકાસને કારણે સ્થાનિક લોકોનો વિકાસ પણ થઈ રહ્યો છે.

આજે દેશ વિદેશથી લોકો કેવડિયા આવે છે. જેનાથી કેવડિયાની સ્થાનિક સંસ્કૃતિ, ત્યાંની પરંપરાને પણ આગવી ઓળખ મળી રહી છે. એટલે કહી શકાય કે, અહીંનો આદિવાસી સમાજ આખા વિશ્વ સાથે જોડાયો છે. અલૌકિક સપના જોવાની ક્ષમતા અને તેને સાકાર કરવા માટેનો પુરુષાર્થ વડાપ્રધાન મોદીએ જે રીતે સાકાર કર્યો છે તે આપણા બધા માટે ગૌરવની વાત છે. અકલ્પનીય સપનું કઈ રીતે સાકાર થાય તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

મને આશા છે કે, કેવડિયા આગામી સમયમાં પર્યટન અને વર્લ્ડ ક્લાસ આર્કિટેકમાં નવી મિશાલ બનાવશે. મહત્વનું છે કે, વડાપ્રધાન ડભોઈ-ચંડોદ ગેજ રૂપાંતરિત બ્રોડગેજ રેલવે લાઈન, ચાંદોદ-કેવડિયા નવી બ્રોડગેજ રેલવે લાઈન, નવી વિદ્યુતકૃત પ્રતાપનગર-કેવડિયા વિભાગ અને ડભોઈ જંક્શન, ચાંદોદ અને કેવડિયા નવા સ્ટેશન બિલ્ડિંગનું ઉદઘાટન કર્યું હતું. આ ઈમારતો સ્થાનિક સુવિધાઓ અને આધુનિક મુસાફરોની સવલતોથી સુંદર રીતે બનાવવામાં આવી છે.

# રાજ્યભરમાં કોરોનાના નવા ૫૧૮ કેસ નોંધાયા

**રાજ્યમાં કોરોનાથી માત્ર બો લોકોનાં મોત : અત્યાર સુધીમાં કુલ ૨૪૫૧૦૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ થયા : રાત્રી કર્ફ્યુ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી છે**

ગાંધીનગર, તા. ૧૭

ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૫૧૮ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૭૦૪ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૪૫,૧૦૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૫.૭૯ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે.

રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૭૦,૨૦૦ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૭૦,૦૭૩ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૨૭ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૬,૪૦૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૬ છે. જ્યારે ૬,૩૪૭ લોકો સ્ટેબલ છે. ૨,૪૫,૧૦૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૬૫ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૨ લોકોનાં મોત નિપજ્યાં છે. વડોદરા રાજકોટ કોર્પોરેશનમાં ૦૨ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# અમદાવાદમાં આજથી કોંગ્રેસનું મહા જનસંપર્ક અભિયાન

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા મહા જન સંપર્ક અભિયાનનો આવતી કાલથી પ્રારંભ કરશે. આગામી ૧૮ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરી દરમિયાન સમગ્ર ગુજરાતમાં શહેરોમાં વોર્ડ વાઈઝ, જિલ્લામાં પંચાયત તથા તાલુકા પંચાયત સીટ વાઈઝ તથા ૮૧ નગરપાલિકા વોર્ડ વાઈઝ પ્રદેશ કોંગ્રેસ જન સંપર્ક અભિયાન કરશે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જાહેર થાય તે પહેલા કોંગ્રેસ પાર્ટી લોકો સુધી પહોંચવા માટે મહા જન સંપર્ક અભિયાન પ્રારંભ થશે .

કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પત્રકાર પરિષદના માહિતી આપતા કહ્યું હતુ કે ગુજરાતની વર્તમાન સ્થિતિ જોઈને લોકોની વાચા આપવા માટે કોંગ્રેસ આવતી કાલથી મહા જન સંપર્ક અભિયાન શરૂ કરશે. આ અભિયાન અંતર્ગત સામાન્ય લોકોનો અવાજ બુલંદ રીતે ઉજાગર કરવા માટે હેલ્લો કેમ્પેઈન શરૂ કરાયું હતું. જેનો સારો પ્રતિસાદ કોંગ્રેસ પક્ષને મળ્યો છે, સરકાર માત્ર જાહેરાત કરે છે પ્રજાના કામ થયા નથી. હેલ્લો કેમ્પેઈનના પગલે અનેક ફરિયાદ મળી છે. હેલ્લો કેમ્પેઈન બાદ હવે જન સંપર્ક અભિયાન શરૂ કરાયું છે. ૨૭૦ આગેવાનો ૧૮ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરી સુધી ગામ અને વોર્ડ મુજબ સંપર્ક અભિયાન કરશે. ગ્રામીણ પ્રશ્નો અને શહેરી વિસ્તારોમાં પ્રશ્નો જન સંપર્ક અભિયાન અંતર્ગત ઉજાગર કરાશે.

## લીલીઝંડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશાળ નેટવર્કની સાથે જોડવાની સાથે જ વારાણસી જંક્શન-કેવડીયા એક્સપ્રેસ, દાદર - કેવડીયા એક્સપ્રેસ, અમદાવાદ-કેવડીયા જન શતાબ્દી એક્સપ્રેસ, હજરત નિજામુદીન - કેવડીયા એક્સપ્રેસ, રીવા-કેવડીયા એક્સપ્રેસ, ચૈન્નઈ-કેવડીયા એક્સપ્રેસ, પ્રતાપનગર-કેવડીયા મેમુ તથા કેવડીયા-પ્રતાપનગર મેમુ એમ કુલ ૮ ટ્રેનોનો આજથી શુભારંભ થયો છે. આ પ્રસંગે અમદાવાદ તથા વડોદરાથી સ્પેશિયલ ટ્રેનનું પ્રસ્થાન થયું હતું જેમાં સામાજિક આગેવાનો, સરદાર સાહેબના પરિવારજનો, પદ્મશ્રી/પદ્મભૂષણ/ પદ્મવિભૂષણ એવોર્ડ વિજેતાશ્રીઓ, કલા-સાહિત્યજગતના અગ્રણીઓ તેમજ પ્રવાસન ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો, આગેવાનો, ટોચના ધર્મગુરુઓ, અગ્રણી ઉદ્યોગપતિઓ, કેળવણીકારો-યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર્સ, પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયાના સહિતના મહાનુભાવોએ ટ્રેનમાં પ્રવાસ કર્યો હતો. કેવડીયા રેલવે સ્ટેશન ઉપર ટ્રેનના આગમન પહેલાં ૧૧ પંડિતો દ્વારા મંત્રોચ્ચાર, પોલિસ બેન્ડ દ્વારા સ્વાગત તેમજ આદિવાસી નૃત્યમંડળી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. બંને ટ્રેન (અમદાવાદ-કેવડીયા - અમદાવાદ તથા વડોદરા-કેવડીયા-વડોદરા) માં રાષ્ટ્રીય એકતા તથા 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ આધારિત બ્રાન્ડિંગ કરવામાં આવ્યું હતું.

## સમિતિઓની રચના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આચારસંહિતાના અમલ માટે જિલ્લાના ચારેય તાલુકાના નોડલ ઓફિસરોની નિયુક્તી કરવામાં આવી છે. ગાંધીનગર તાલુકા માટે નાયબ નિયામક અનુ. જાતિ સહયોગ સંકુલ, દહેગામ તાલુકા માટે કાર્યપાલક ઈજનેર પા.યો.વિ.૩ ને, માણસા તાલુકા માટે જિલ્લા રોજગાર અધિકારી તેમજ કલોલ તાલુકા માટે સરકારી શ્રમ અધિકારીશ્રી સહયોગ સંકુલને નોડલ ઓફિસર તરીકે નિમવામાં આવ્યા છે.

આ નોડલ અધિકારીઓને મદદરૂપ થવા માટે સહ નોડલ ઓફિસરોની પણ નિયુક્તી કરવામાં આવી છે.

તંત્ર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની તૈયારીઓમાં ગતિ આવી છે અને આગામી દિવસોમાં ગમે ત્યારે તે જાહેર થાય તેવી સંભાવનાઓ છે.

## આ સપ્તાહમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતગણતરીની કામગીરી પણ તબક્કાવાર કરવામાં આવશે તેમ પંચના સૂત્રોમંથી જાણવા મળ્યુ છે. આગામી એકાદ-બે દિવસમાં પંચ દ્વારા ગૃહ અને આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે બેઠકને અંતે પંચ ચૂંટણીઓની જાહેરાત ગમે ત્યારે કરી શકે છે. જો કે આ પૂર્વે પણ પંચ દ્વારા તબક્કાવાર સમીક્ષા બેઠકો યોજવામાં આવી જ છે.

## ૧૩ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે. આજે સંક્રમિત થનારાઓમાં એક અધ્યાપક ઉપરાંત ૪ દર્દી ૬૦ થી વધુ વય ધરાવે છે.

આજે સે. ૨૮ માંથી ૨, સે. ૭ માંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૧ અને સે. ૨૬ માંથી કેસો મળી આવેલ છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે.


